ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

### ગાંધીનગરની ફોર્સ વન ડિફેન્સ એકેડેમીના

# યુવાન વેંકટની ૮૩ દિવસમાં ૭૮૦૦ કિલોમીટરની અભૂતપૂર્વ ભારત યાત્રા

ગાંધીનગર, તા.૪

કહેવાય છે ને કે અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી. અટલ આત્મવિશ્વાસ ,અડગ મન અને કઠોર પરિશ્રમ એ કોઈપણ સફળતા માટેના પાયાના ગુણો છે. જે ગાંધીનગર સ્થિત શ્રી વેંકટ ભોજનાપલ્લીએ સાયકલ પર સવાર થઈ ૭૮૦૦ કિલોમીટર અંતર કાપીને ભારતના ૧૬ રાજયોનો પ્રવાસ મે મહિનાથી શરૂ કરીને ઓગસ્ટ સુધીમાં માત્ર ૮૩ દિવસમાં પૂર્ણ કરી ગઈકાલે સાંજે ગાંધીનગર પરત ફર્યા છે. આ પ્રવાસ દરમિયાન ગરમી, ઠંડી, વરસાદ, હિમવર્ષા વગેરેને સહન કરીને અને કુદરતી સૌંદર્ય જેમ કે પહાડ, નદીઓ, સમુદ્ર કિનારો, જંગલો, રણ, ખીણ સાથે સુહાની સફર કરી હતી.



આ અનોખી સફર કરવા માટે સાહસ, સિદ્ધિ, સ્ફૂર્તિ, ધૈર્ય અને શારીરિક મજબૂતી ખૂબ જરૂરી છે અને બધી જ રીતે તૈયાર થવા માટે વૈંકટે ફોર્સ વન ડિફેન્સ એકેડમી ગાંધીનગરના ડાયરેક્ટર પ્રશાંત મેવાડાના માર્ગદર્શન હેઠળ બે વર્ષથી એમની ગાંધીનગર સ્થિત એકેડેમીમાં ખૂબ પદ્ધતિસર મહેનત કરાવીને વેંકટેશને શારીરિક તેમજ માનસિક રીતે તૈયાર કર્યો હતો.. વેંકટ ભોજનાપલી નો ઉદ્દેશ્ય આઝાદી નો અમૃત મહોત્સવ ને ધ્યાન મા રાખી શારીરિક મજબૂતી ની જરૂર અને મહત્વ સમજાવવા અને આજના યુવાનો ને કાંઈક નવા સાહસો કરવા, યુવાનો માટે પ્રેરણાદાયી વૈંકટની આ સફળતાને ફોર્સ વન ડિફેન્સ એકેડમી પરિવાર ગૌરવ સાથે અભિનંદન પાઠવે છે.

# ગાંધીનગર આર.ટી.ઓ.માં બનેલા તમામ બોગસ લાયસન્સ સસ્પેન્ડ કરાશે

### સાયબર ક્રાઈમ બ્રાંચની તપાસ યથાવત : ૨ હજારથી વધુ ડ્રાઈવિંગ લાયસન્સ બોગસ બન્યા હોવાનું તારણ હાલ બહાર આવી રહ્યું છે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર આટરીઓ કચેરીમાં બનેલ બોગસ ડ્રાઈવિંગ લાયસન્સ કૌભાંડ મામલે પોલીસ દ્વારા મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં આરટીઓ કચેરીમાં બનેલા તમામ બોગસ લાયસન્સ સસ્પેન્ડ કરવામાં આવશે. ત્યારે ૨ હજારથી વધુ ડ્રાઈવિંગ લાયસન્સ બોગસ બન્યા હોવાનું તારણ હાલ બહાર આવી રહ્યું છે. તેમજ બોગસ ડ્રાઈવિંગ લાયસન્સ કૌભાંડ મામલે સાયબર ક્રાઈમ બ્રાંચની તપાસ યથાવત છે. ત્યારે અગાઉ આર્મી જવાનોનાં નામે બોગસ લાયસન્સ ઈશ્યૂ થયા હતા. જે બાદ ડ્રાઈવિંગ ટેસ્ટ આપ્યા વગરનાં લાયસન્સ ઈશ્યૂ થયા હતા. આ બાબતે ગાંધીનગરના ઈન્ચાર્જ આસીસ્ટન્ટ આરટીઓ અધિકારી અનીશખાન પઠાણે જણાવ્યું હતું કે, કેસ ૨૦૨૨ માં એક ફ્રૈંઈ નોંધાયેલી હતી. જેમાં તપાસ અધિકારી દ્વારા એવું જણાવ્યું હતું કે સોફ્ટવેરમાં ચેડા થયાનું સાયબર ક્રાઈમનાં અધિકારી દ્વારા જણાવ્યું હતું. તેમજ આ બાબતે અમે વડી કચેરીએ પણ આ બાબતની જાણ કરી છે. આઈડી પાસવર્ડને લઈને તેમાં ચેડા થયા હતા. તો જૂના આઈડી પાસવર્ડની જગ્યાએ નવા આઈડી પાસવર્ડ આપવા માટે અમે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી છે.

જમ્મુ-કાશ્મીરના સંવેદનશીલ વિસ્તારમાં રહેતા લોકોને સુરક્ષાદળોના જવાન બનાવીને બોગસ ડ્રાઈવિંગ લાયસન્સ ગાંધીનગર આરટીઓમાં બનાવવાના સૌથી મોટા કૌભાંડમાં સેન્ટ્રલની સુરક્ષા એજન્સીઓએ પણ તપાસમાં ઝંપલાવ્યું છે. મિલિટરી ઈન્ટેલિજન્સ (સૈં)એ ઈન્વેસ્ટિગેશન શરૂ કરી દીધું છે.ૈંમ્, સેન્ટ્રલૈંમ્તેમજ મિલિટરી ઈન્ટેલિજન્સે આરટીઓના બંને એજન્ટોની પૂછપરછ કરી હતી. જ્યારે હવે રો, એનઆઈએ સહિતની એજન્સીઓ પણ તપાસ કરશે. આ સિવાય જમ્મુ-કાશ્મીર પોલીસ પણ તપાસમાં જોડાઇ હતી. ગાંધીનગર આરટીઓના બે એજન્ટોએ જમ્મુ-કાશ્મીરના શકમંદો સાથે મળીને

એક હજારથી વધુ બોગસ લાયસન્સ બનાવી દીધાં હતાં. જેના મામલે કેન્દ્રીય એજન્સીઓ એલર્ટ મોડ પર આવી ગઇ છે.ગાંધીનગર આરટીઓના બે એજન્ટ દ્વારા કાશ્મીરી યુવકો સાથે મળીને ગાંધીનગરમાં આવેલા વિવિધ કેન્ટોન્મેન્ટના એડ્રેસ પર બોગસ ડોક્યુમેન્ટના આધારે છેલ્લાં ત્રણ વર્ષમાં એક હજારથી વધુ ડ્રાઈવિંગ લાયસન્સ બનાવવામાં આવ્યા હતા. ક્રાઈમ બ્રાંચની ટીમે સંતોષસિંહ ચૌહાણ અને ધવલ રાવત નામના બે એજન્ટની ધરપક કરી હતી. ક્રાઈમ બ્રાંચે બંન્ને એજન્ટો પાસેથી ૨૮૮થી વધુ લાયસન્સ રિકવર કર્યા હતા, જ્યારે ઓટોમેટિક રબર સ્ટેમ્પ બનાવવાનું મશીન તેમજ અલગ અલગ વસ્તુઓ પણ મળી આવી હતી.

પાટનગર ગાંધીનગર આરટીઓમાંથી જમ્મુ-કાશ્મીરના બારામુલ્લા અને પુલવામાના ઉરી સેક્ટરમાં રહેતા લોકોના લાયસન્સ નીકળી રહ્યા હતા. આ લાયસન્સ જમ્મુ-કાશ્મીરના એડ્રેસ પર નહીં, પરંતુ ગાંધીનગર અને અન્ય કેન્ટોન્મેન્ટ વિસ્તારના એડ્રેસ પર નીકળી રહ્યા હતા. એડ્રેસ કેન્ટોન્મેન્ટ વિસ્તારનું હોવાના કારણે લાયસન્સ બનાવવા માટે ગાંધીનગર અને ચાંદખેડામાં રહેતા સંતોષસિંહ ચૌહાણ અને ધવલ રાવત નામના એજન્ટનો સંપર્ક જમ્મુ-કાશ્મીરના લોકોએ કર્યો હતો અને આખા રેકેટની શરૂઆત ત્યાંથી થઇ હતી. બે-ત્રણ વર્ષથી ચાલતા આ રેકેટમાં મહત્ત્વની કડી મિલિટરી ઈન્ટેલિજન્સ પુણે યુનિટને મળી હતી, જે ઈનપુટ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને આપ્યા હતા. ત્યાર બાદ ક્રાઈમ બ્રાન્ચે ગાંધીનગરની અંદર ડિફેન્સના લોકોનાં લાયસન્સ કઢાવનાર લોકોની કડી મળી અને આખા દેશમાં ખૂબ જ સંવેદનશીલ કહી શકાય તેવું નેટવર્ક તેમણે ઝડપી પાડ્યું હતું.

# શહેરમાં જર્જરિત મકાનો ખાલી નહીં કરાય તો કનેક્શનો કપાશે

### હાઉસિંગ બોર્ડના જર્જરિત મકાનો ખાલી કરાવવા લાઇટ, પાણી, ગટર કનેક્શન બંધ કરાશે

ગાંધીનગર, તા. ૦૪

ગાંધીનગરમાં ગુજરાત હાઉસિંગ બોર્ડના જર્જરિત મકાનો જોખમી બન્યા છે. આ અંગે મકાનોમાં રહેતા રહીશોને મહાનગરપાલિકા દ્વારા વારંવાર નોટિસ આપીને ખાલી કરવા જણાવવામાં આવી રહયું છે અને છતાંય જો કોઈ રહેવાસી મકાન ખાલી નહીં કરે તો મહાનગરપાલિકા દ્વારા તે મકાનના લાઈટ, પાણી, ગટર કનેક્શન બંધ કરી દેશે.

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા શહેરના સેક્ટર વિસ્તારમાં આવેલ ગુજરાત હાઉસિંગ બોર્ડના જર્જરીત મકાનમાં અગાઉ તા.૨૬/૦૭/૨૦૨૩ ના રોજ GPMC Actની કલમ ૨૬૪ તથા ૨૬૮/Cની જોગવાઈ મુજબ જર્જરીત મકાનનો ભાગ તરત ખાલી કરવા નોટીસ પાઠવવામાં આવી હતી. આ અંતર્ગત હવે મ્યુનિસિપલ કમિશનરની સુચના મુજબ ગુજરાત હાઉસિંગ બોર્ડના રહિશોને સલામતીના ભાગરૂપે દિન-૨ મા જર્જરીત મકાનો ખાલી કરવા ફરીવાર સ્થળે રૂબરૂ જઈને સુચના આપવામાં આવી હતી. જે રહીશો આ મકાનો ખાલી નહીં કરે તો ગાંધીનગર મહાનગરપાલિકા કચેરી દ્વારા જે તે મકાનના લાઈટ, પાણી, ગટર કનેક્શન બંધ કરવાની ફરજ પડશે તે મુજબની આજ તેઓને જાણ કરવામાં આવી હતી.

# કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડૉ.મનસુખ માંડવિયા આવતીકાલે ગાંધીનગરમાં

### જી૨૦ આરોગ્ય મંત્રી સ્તરની બેઠક માટેની તૈયારીઓની સમીક્ષા કરશે : IIM અમદાવાદમાં હેલ્થકેર સમિટમાં મુખ્ય વક્તવ્ય આપશે

અમદાવાદ, તા.૦૪

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને રસાયણ અને ખાતર મંત્રી ડૉ. મનસુખ માંડવિયા આવતીકાલે જી૨૦ આરોગ્ય મંત્રી સ્તરની બેઠક માટેની તૈયારીઓની સમીક્ષા કરવા અમદાવાદ અને ગાંધીનગરની મુલાકાત લેશે. મંત્રી શનિવારે ગાંધીનગરમાં ગિફ્ટ સિટી ક્લબ અને હેલિપેડ એક્ઝિબિશન સેન્ટરની મુલાકાત લેશે. તેઓ મહાત્મા મંદિર પ્રદર્શન કેન્દ્ર ખાતે તૈયારીઓની સમીક્ષા પણ કરશે. તે પછી રાજ્ય નોડલ અધિકારીઓ અને સંપર્ક અધિકારીઓ સાથે બેઠક કરવામાં આવશે.

ગાંધીનગરમાં ૧૭-૧૯ ઓગસ્ટ ૨૦૨૩ દરમિયાન ચોથી આરોગ્ય કાર્યકારી જૂથ અને આરોગ્ય કાર્યકારી જૂથના મંત્રીઓની બેઠક યોજાવાની છે. તેમની મુલાકાત દરમિયાન ડૉ. માંડવિયા આવતીકાલે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ અમદાવાદ ખાતે હેલ્થકેર સમિટમાં મુખ્ય વક્તવ્ય આપશે. સેન્ટર ઓફ મેનેજમેન્ટ ઓફ હેલ્થ સર્વિસીસ અને IIMA હેલ્થકેર એલ્યુમની સ્પેશિયલ ઈન્ટરેસ્ટ ગ્રુપ (SIG) દ્વારા આયોજીત આ સમિટ "ઉત્પ્રેરક ઈનોવેશન - સ્ટાર્ટ-અપ ઈકોસિસ્ટમ એન્ડ પોલિસી રિસર્ચ" થીમ પર કેન્દ્રીત છે. ત્યારબાદ મંત્રી આઈઆઈએમના વિદ્યાર્થીઓ સાથે પણ વાતચીત કરશે.

# હાશ...!! અંતે ચ-માર્ગ ખુલી જતા વાહનચાલકોને રાહત

### મેટ્રોના કામકાજને પગલે ચ-૨ સર્કલેથી ચ-૩ તરફ જવાનો માર્ગ બંધ કરાયો હતો : સે.૭ના આંતરિક રિંગ રોડ પરના ટ્રાફિકનું ભારણ પણ ઘટશે



(તસવીર: શૈલેન્દ્ર સોલંકી )

ગાંધીનગર, તા. ૦૪

છેલ્લાં ઘણા સમયથી શહેરમાં ચાલી રહેલા મેટ્રો રેલના કાર્યને અનુલક્ષીને "ચ" માર્ગ ચ-૨ સર્કલેથી ચ-૩ તરફ જવાનો બંધ કરાયો હતો જે હવે ખુલ્લો કરી દેવાયો છે. ચ-માર્ગ ખુલી જતા હવે અમદાવાદથી સચિવાલય માટે આવતા વાહનો સીધા આવી શકશે તે રીતે જ શહેરમાંથી એરપોર્ટ કે ગિફ્ટ સિટી અથવા કોબા-કુડાસણ તરફ જવા માંગતા વાહનચાલકોને પણ ડાયવર્ઝન લેવાની જરૂર નહીં રહે. આ ઉપરાંત સે.૭ના આંતરિક

● અનુસંધાન પાન-૭ પર

### સે-૧૩ અને ૨૮ના ૯૫ જેટલા મકાનોને નોટિસો બાદ

# ગુ.હા.બોર્ડના વસાહતીઓની કરાર ના થાય ત્યાં સુધી વસવાટ કરવા દેવા માંગ

### ગટર, લાઈટ અને પાણીના અભાવે સીનીયર સીટીઝન અને ગર્ભવતી મહિલાઓ સહિત વસાહતીઓને હાલાકી ભોગવવા વારો આવશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરના સે-૧૩ અને ૨૮ના ગુજરાત હાઉસીંગ બોર્ડના મકાનો વર્ષો પહેલા તૈયાર કરાયા હતા જેને ચાલીસ વર્ષ ઉપરાંતનો સમય વીતી જતાં મકાનો જર્જરીત અવસ્થામાં આવી ગયા હતા. અહીં વસવાટ કરતાં લોકોને ઉપર જોખમ રહેલુ હતુ. જેથી કોઈ અનિચ્છનિય બનાવ બને તે પહેલા કોર્પોરેશન તંત્ર દ્વારા આ ૯૫ જેટલા જોખમી મકાનોને ખાલી કરી દેવા માટે મકાન માલિકોને જીપીએમસી એકટની કલમ ૨૬૫ અને ૨૬૮ (સી) અન્વયે નોટિસો ફટકારવામાં આવી છે અને મકાન ખાલી નહીં કરાય તો ગટર, પાણી અને લાઈટના કનેકશન પણ કાપી લેવાની ચીમકી આપવામાં આવી છે ત્યારે અહીં વસવાટ કરતાં લોકોએ રી-ડેવલપમેન્ટ માટે તેઓ તૈયાર હોવાની સાથે કરાર ના થાય ત્યાં સુધી અહીં જ વસવાટ કરવા દેવાની માંગણી કોર્પોરેશન સમક્ષ કરી હતી.



(તસવીર: શૈલેન્દ્ર સોલંકી )

● અનુસંધાન પાન-૭ પર

# સરદાર સરોવર ડેમની જળસપાટીમાં વધારો થયો

### ખેડૂતો સહિત તમામ નાગરિકો માટે ખુશીના સમાચાર : ૨૪ કલાકમાં સરદાર સરોવર ડેમની સપાટીમાં ૧૭ સેન્ટીમીટરનો વધારો નોંધાયો

નર્મદા, તા.૪

ગુજરાતના ખેડૂતો સહિત તમામ નાગરિકો માટે ખુશીના સમાચાર સામે આવ્યા છે. નર્મદા જિલ્લામાં આવેલા સરદાર સરોવર ડેમની જળસપાટીમાં વધારો થયો છે. સાથે જ નર્મદા ડેમ ૮૦ ટકાથી વધુ ભરાઈ ગયો છે. ૨૪ કલાકમાં સરદાર સરોવર ડેમની સપાટીમાં ૧૭ સેન્ટીમીટરનો વધારો નોંધાયો છે. ડેમની જળસપાટી ૧૩૦.૪૫ મીટરે પહોંચી છે. તો સાથે જ ડેમમાં ૭૧ હજાર ૨૨૦ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે.

ઉપરવાસ મધ્યપ્રદેશમાં વરસાદ પડવાના કારણે સરદાર સરોવર ડેમમાં પાણીની સારી આવક થઈ રહી છે. જેના કારણે ડેમની જળ સપાટીમાં વધારો થઈ રહ્યો છે. મધ્યપ્રદેશના બર્ગી ડેમના ૧૭ ગેટ અત્યારે ૨.૧૭ મીટર સુધી ખોલી દેવામાં આવ્યા છે. તેમાંથી અત્યારે પાણી છોડવામાં આવી રહ્યુ છે. બરગી ડેમાં બાદ ઈન્દિરા સાગર અને ઓમકારેશ્વર ડેમ અને ત્યારબાદ સરદાર સરોવર ડેમમાં પાણી આવતુ હોય છે. એટલે કે સરદાર સરોવર ડેમમાં પાણી આવતા લગભગ ૭૨ કલાક જેટલો સમય લાગતો હોય છે.

ત્યારે હાલ તો નર્મદા ડેમમાં જળ સપાટી વધતા ઈર્ઁૐના ૧૨૦૦ મેગાવોટના ૬ ટર્બાઇન ચાલુ કરી વીજનું ઉત્પાદન કરવામાં આવી રહ્યુ છે.

# જિલ્લામાં 'મારી માટી- મારો દેશ' કાર્યક્રમનું આયોજન

### ગ્રામ્ય કક્ષાએ તા. ૯થી ૧૫ ઓગસ્ટ દરમ્યાન અને તાલુકા કક્ષાનો કાર્યક્રમ તા. ૧૮ ઓગસ્ટથી યોજાશે : ૭૫ વૃક્ષોના વાવેતર સાથે અમૃત વાટિકામાં ગામના સ્વાતંત્ર્ય સેનાની-શહીદવીરોની નામાવલી અંકિત કરાશે

ગાંધીનગરઃ તા. ૦૪

ગાંધીનગર જિલ્લામાં આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત યોજાનાર ' મારી માટી – મારો દેશ' કાર્યક્રમના સુચારું આયોજન અર્થે ગાંધીનગર જિલ્લા કલેક્ટર હિતેષ કોયાના અધ્યક્ષ સ્થાને યોજાયેલી બેઠકમાં ગાંધીનગરના પદાધિકારીઓ અને વિવિધ સંસ્થાના પ્રતિનિધિઓ પણ સહભાગી બન્યા હતા. આ કાર્યક્રમ થકી જિલ્લાવાસીઓમાં માતૃભૂમિ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા, વીર શહીદોને વંદના અને દેશ ભાવના ઉજાગર કરવા માટેનું સુચારું આયોજન કરવામાં આવ્યું છે.



આ બેઠકમાં કલેકટર હિતેષ કોયાએ જણાવ્યું હતું કે, આ કાર્યક્રમ ગાંધીનગર જિલ્લામાં બે તબક્કામાં યોજાશે જેમાં તા. ૯ થી ૧૫ ઓગસ્ટ દરમ્યાન ગ્રામ કક્ષાએ અને ૧૮ ઓગસ્ટથી તાલુકા કક્ષાએ આ કાર્યક્રમ યોજાશે. ગ્રામ્ય કક્ષાએ જે કાર્યક્રમ યોજાય તેમાં વધુને વધુ નાગરિકો સહભાગી બને તે માટેનો ઉમદા ભાવ રાખવામાં આવ્યો છે. ગ્રામ્ય સ્તર ખાતે જે-તે ગામની માટી લઈ કળશમાં મુકવામાં આવશે. ગામમાં ૭૫ વૃક્ષોનું વાવેતર કરી અમૃત વાટિકાનું નિર્માણ કરી જેમાં શિલાફલકમ મૂકવામાં આવશે. શિલાફલકમાં ગામના આઝાદીના સમયમાં બિલદાન આપનાર શહીદ વીરો સાથે દેશ માટે પોતાનો જીવ આપનાર લશ્કર કે પોલીસ

● અનુસંધાન પાન-૭ પર



## Gujarat State Petronet Limited

Corporate Identity Number : L40200GJ1998SGC035188

Regd Office : GSPC Bhavan, Sector-11, Gandhinagar-382 010 Tel: +91-79-66701001 Fax: +91-79-23236477

Website: www.gujpetronet.com Email: investors.gspl@gspc.in

**EXTRACT OF STATEMENT OF STANDALONE AND CONSOLIDATED UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30TH JUNE 2023**

(Rs. in Lakhs)

| Sr. No | Particulars | Standalone Results | | | Consolidated Results | | |
|---|---|---|---|---|---|---|---|
| | | Quarter ended 30.06.2023 (Unaudited) | Year ended 31.03.2023 (Audited) | Quarter ended 30.06.2022 (Unaudited) | Quarter ended 30.06.2023 (Unaudited) | Year ended 31.03.2023 (Audited) | Quarter ended 30.06.2022 (Unaudited) |
| 1 | Total Income from Operations(net) | 45,921.00 | 1,93,021.39 | 48,574.89 | 4,29,087.02 | 18,79,634.13 | 5,69,146.34 |
| 2 | Net Profit/(Loss) for the period (before Tax and Exceptional items) | 30,662.71 | 1,22,855.49 | 31,485.86 | 59,568.81 | 3,12,201.52 | 82,332.78 |
| 3 | Net Profit/(Loss) for the period before tax (after Exceptional items and Share of profit/(loss) of joint venture and associates accounted for using the equity method (net of tax)) | 30,662.71 | 1,22,855.49 | 31,485.86 | 58,563.14 | 3,12,480.33 | 85,531.86 |
| 4 | Net Profit/(Loss) for the period after tax and Exceptional items | 22,929.32 | 94,495.03 | 23,547.05 | 43,402.52 | 2,34,200.93 | 64,816.61 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit/(Loss) for the period after tax and Other Comprehensive Income (after tax)] | 22,876.06 | 94,311.46 | 23,649.24 | 43,423.09 | 2,34,791.18 | 65,153.27 |
| 6 | Equity Share Capital (face value of Rs. 10/- each) | 56,421.14 | 56,421.14 | 56,421.14 | 56,421.14 | 56,421.14 | 56,421.14 |
| 7 | Reserves (excluding Revaluation Reserve as shown in Balance Sheet) | - | 8,70,897.20 | - | - | 8,88,469.29 | - |
| 8 | Earnings per share (EPS) for the Period<br>a) Basic EPS (Rs.)<br>b) Diluted EPS (Rs.)<br>(face value of Rs. 10/- each) (not annualised for the quarter) | <br>4.06<br>4.06 | <br>16.75<br>16.75 | <br>4.17<br>4.17 | <br>5.94<br>5.94 | <br>29.09<br>29.09 | <br>8.39<br>8.39 |

**Notes: 1.** The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results are available on the Stock Exchange websites (www.nseindia.com and www.bseindia.com) and Company's website (www.gujpetronet.com) **2.** The above results were reviewed by the Audit Committee and approved by the Board of Directors of the Company in its meeting held on August 4, 2023. **3.** The above results are in accordance with the Indian Accounting Standards (Ind-AS) as prescribed under Section 133 of the Companies Act, 2013, read with the relevant rules issued thereunder and other accounting principles generally accepted in India. Accordingly, previous period's figures have been reclassified/regrouped/restated, wherever necessary.

**For and on behalf of Gujarat State Petronet Limited**

Raj Kumar, IAS

Chairman and Managing Director

Place: Gandhinagar

Date: 4th August, 2023


# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અમદાવાદ યુથ પાર્લામેન્ટની પાંચમી આવૃત્તિનો પ્રારંભ

### વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના કુશળ નેતૃત્વમાં આપણે સૌ સાથે મળીને 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' ના સૂત્રને સાકાર કરવાની દિશામાં અને નવા ભારતના નિર્માણમાં ગતિભેર આગળ વધી રહ્યાં છીએ : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા.૪

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા, ઉદગમ સ્કૂલ ફોર ચિલ્ડ્રન અને છઈઝઝ ના સંયુક્ત ઉપક્રમે યોજાનાર યુવા સંસદ (યૂથ પાર્લામેન્ટ)ની પાંચમી આવૃત્તિનો પ્રારંભ કરાવ્યો હતો.






આ યુવા સંસદના ઉદ્‌ઘાટન પ્રસંગે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, આપણા લોકલાડીલા વડાપ્રધાન આજે દુનિયાભરના યુવાનોના યુથ આઈકન બન્યાં છે. ગુજરાતના મુખ્યમંત્રીથી શરૂ કરીને આજે દેશના વડાપ્રધાન તરીકે નરેન્દ્રભાઈએ દુનિયાભરમાં ભારતનું ગૌરવ વધાર્યું છે અને વિશ્વભરમાં ભારતીયોની ઓળખ બદલી છે. આજે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના કુશળ નેતૃત્વમાં આપણે સૌ સાથે મળીને 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' ના સૂત્રને સાકાર કરવાની દિશામાં અને નવા ભારતના નિર્માણમાં ગતિભેર આગળ વધી રહ્યાં છીએ.

વડાપ્રધાનશ્રીના સેવા અને સુશાસનના કાર્યકાળ વિશે વધુમાં વાત કરતાં મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ આપણે રાષ્ટ્રવ્યાપી સ્વચ્છતા અભિયાન સફળતાપૂર્વક પાર પડ્યું છે. આજે સ્વચ્છતા પ્રત્યે લોકોમાં અનેકગણી જાગૃતિ આવી છે અને લોકો સ્વયંભૂ સ્વચ્છતાના આગ્રહી બન્યા છે. આપણા વડાપ્રધાનશ્રીની દરમિયાનગીરી થકી બે દેશો વચ્ચેનું યુદ્ધ અટકાવીને આપણા વિદ્યાર્થીઓને વિદેશમાંથી પણ આપણે હેમખેમ સ્વદેશ પરત લાવી શક્યા છીએ. વડા પ્રધાન શ્રી ના કાર્યક્ષમ નેતૃત્વ થકી આજે સામાન્ય પ્રજામાં રાજકારણીઓની છબી બદલાઈ છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com